# સદ્ભાવના સંદેશ

RNI
Reg.No.125099
Reg.No.GUJGUJ/2012/52544

Editer
Narendra Patel, Nitin Pandya
મોડાસા, જિ.અરવલ્લી (ગુજરાત) મો.9825635897

અરવલ્લી જિલ્લા નું સોશિયલ મીડિયા અખબાર
અંક - ૩૬૦૯


## જગવિખ્યાત મુર્ધન્ય કવિવર શ્રી ઉમાશંકર જોશી ની જન્મ જયંતી ઉજવણી યોજાઈ







સ.સં.ભિલોડા,તા.૨૩..સાહિત્ય અકાદમી, દિલ્હી અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને બા.પુ. મ. સ્કૂલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બામણાના સયુંકત ઉપક્રમે તા. ૨૧/૦૭/૨૦૨૩ ને શનિવારના રોજ પ્રિન્સિપાલ ડો. એન. આર.જોષી ના માર્ગદર્શન હેઠળ કવિવર ઉમાશંકર જોશીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.ગુજરાત રાજ્ય ના જાણીતા સાહિત્યકાર મણીલાલ હ. પટેલે ઉમાશંકર જોશી સાથે પસાર કરેલ સમય અને તેમના સાહિત્યનું રસપાન કરાવ્યું હતું, કવિ હરીશ મીનાશ્રુ એ કાવ્યનું રસપાન કરાવ્યું હતું , સેન્ટ્રલ યુનિ.ગાંધીનગર માં કાર્યરત અને ગુ.સા.અકાદમીના પૂર્વ મહામાત્ર અજયસિંહ ચૌહાણે કાર્યક્રમની રૂપરેખા રજુ કરી હતી તેમજ મંડળના પૂર્વપ્રમુખ ભાનુભાઇ ભટ્ટ,હસમુખભાઈ ભટ્ટ, રાજેન્દ્રસિંહ જોદ્ધા,સ્કૂલના આચાર્ય જી.જી.પટેલ,હિમાંશુ વ્યાસ સામાજિક કાર્યકર,ગામના અગ્રણીઓ, સાહિત્યરસિકો તેમજ કોલેજ સ્કૂલ સ્ટાફ ગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. બ્રિજેશભાઈ પંચાલે કર્યું હતું.

જીત ત્રિવેદી, ભિલોડા...